BUSINESS મિત્ર

બેન્ક નિફ્ટી અને સેન્સેક્સ સુધર્યા, નિફ્ટી સપાટ રહી

એક્સપાયરીએ સેન્સેક્સ પોઝિટિવ, પણ રોકાણકારોની કમાણી ઘટી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પરના ડીલની અપેક્ષાએ ભારતીય શેરબજારમાં સુધારાની ચાલ જોવા મળી હતી. આજે નિફ્ટી સપાટ રહી હતી, પણ સેન્સેક્સ તથા બેન્ક નિફ્ટી સુધારા સાથે બંધ રહ્યા હતા. સેન્સેક્સ એક્સપાયરી વચ્ચે સીમિત દાયરામાં સેન્સેક્સ પોઝિટિવ રહ્યું હતું, પણ રોકાણકારોની કમાણી ઘટી હતી. જ્યારે નિફ્ટી નજીવા સુધારા સાથે સપાટ બંધ રહ્યા હતા. બ્રોડર માર્કેટ પણ ઠીકઠાક જોવાયું હતું.

સેકટર વાઇઝ જોઈએ તો આઈટી, ઓટો અને મેટલ સેકટરોએ બજાર પર દબાણ લાવવા માટે સખત પ્રયાસ કર્યા હતા. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ એક ટકા નબળો રહ્યો હતો, જ્યારે સર્વિસ સેકટરના નબળા ડેટાની અસર આઈટી સેકટર પર જોવા મળી છે. જોકે, પીએસયુ બેન્ક શેરો 2 ટકાથી વધુ ઉછળ્યા હતા. એસબીઆઇના પરિણામો પુર્વે પીએસયુ બેન્ક શેરોમાં કરન્ટ જોવાયો હતો.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 494 લાખ કરોડથી ઘટીને 493 લાખ કરોડ પર પહોંચી છે. આમ, રોકાણકારોને રૂ. 48 હજાર કરોડનો ઘટાડો નોંધાયો છે.

બીએસઇ સેન્સેક્સ 373.76 પોઇન્ટ એટલે કે 0.48 ટકા વધીને 78954.76 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 78954 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 78633 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 11.35 પોઇન્ટ એટલે કે 0.05 ટકા વધીને 24636 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24677 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24604 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 323.70 પોઇન્ટ એટલે કે 0.56 ટકા વધીને 58000 પોઇન્ટની સપાટી કુદાવીને 58063.765 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે જેકે લક્ષ્મી સિમેન્ટમાં 41.43 ગણા, કલીન સાયન્સ એન્ડ ટેકનોમાં 10.32 ગણા, ન્યુલેન્ડ લેબમાં 9.76 ગણા, કયુમીન્સ ઇન્ડિયા 8.74 ગણા, નવીન ફલોરીનમાં 5.61 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે નવીન ફલોરીનમાં 21.8 ગણા, ન્યુલેન્ડ લેબમાં 21.66 ગણા, કોહાન્સ લાઇફસાયન્સીસમાં 17.51 ગણા, ઓથમ ઇન્વેસ્ટમેન્ટમાં 9.97 ગણા, ટાટા ટેકનોમાં 7.81 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં સપાટ રહ્યો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેકસ 0.01 ટકા અને સ્મોલકેપ ઇન્ડેકસ 0.25 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ સપાટ રહ્યું હતું. બીએસઇ ખાતે 2114 શેરો વધ્યા હતા, જ્યારે 2160 શેરો ઘટ્યા હતા તથા 219 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેકસ 2.20 ટકા વધ્યા હતા. જેમાં યુનિયન બેન્ક, સ્ટેટ બેન્ક, ઇન્ડિયન બેન્ક, બેન્ક ઓફ બરોડા, કેનેરા બેન્ક, ઇન્ડિયન ઓવરસીઝ બેન્ક, બેન્ક ઓફ ઇન્ડિયા, સેન્ટ્રલ બેન્ક, પંજાબ નેશનલ બેન્ક અને પંજાબ એન્ડ સિંધ બેન્ક વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે વ્યાપક બજારના આશાવાદ વચ્ચે યુરોપિયન બજારો આગળ વધ્યા હતા. જે ગત સત્રમાં એઆઇ સંચાલિત રેલી પછી એશિયન બજારો આજે મિશ્ર રહ્યા હતા. ઇરાન અને યુએસ વચ્ચે પાંચ મહિનાના યુદ્ધનો અંત લાવવામાં મદદ કરવા માટે ઇરાન અને ઓમાન વચ્ચેના પ્રસ્તાવિત કરારથી તેહરાનને હોર્મુઝ સ્ટ્રેટમાં પ્રવેશતા જહાજો પર નિયંત્રણ મળશે, જે ઇરાનને અત્યાર સુધીની સૌથી મોટી છૂટછાટ છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.16 ટકા, કેક 0.70 ટકા અને ડેક્સ 0.27 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી એક ટકા, હેંગસેંગ 1.52 ટકા, તાઇવાન 0.48 ટકા, કોસ્પી 4.79 ટકા, જકાર્તા 0.12 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે શાંઘાઇ 0.56 ટકા અને સ્ટ્રેઇટસ 1.02 ટકા વધ્યા છે.

સેન્સેક્સ	373.76	78954.76
નિફ્ટી	11.35	24636.00
બેન્ક નિફ્ટી	323.70	58063.65

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
રિલાયન્સ ઇન્ડ.	3.52	1325.00
એસબીઆઇ	2.84	1085.00
બીઇએલ	2.36	399.20
ઇટર્નલ	1.90	316.25
ટાઇટન કંપની	1.74	4998.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	3.90	270.75
ટાટા સ્ટીલ	1.91	189.30
જએસડબલ્યુ સ્ટીલ	1.66	1307.90
ટીસીએસ	1.66	2373.00
બજાજ ઓટો	1.53	11620.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
રિલાયન્સ ઇન્ડ.	3.43	1325.00
એસબીઆઇ	3.02	1084.85
બીઇએલ	2.56	399.15
ICICI બેન્ક	2.28	1476.95
ઇટર્નલ	1.99	317.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	3.99	270.75
ટીસીએસ	2.06	2370.00
ઇન્ટરગ્લોબ	1.49	5321.00
મહિન્દ્રા-મહિન્દ્રા	1.41	3415.00
મારૂતિ સુઝુકી	1.15	13997.00

રૂપિયામાં નરમાઇ, 9 પૈસા ઘટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: કરન્સી બજારમાં આજે ડોલરમાં નજીવો સુધારો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 9 પૈસા ઘટીને 95.22ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રિપયો 95.13ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.44, પાઉન્ડ 128.67, કેનેડિયન ડોલર 68.01, ઓસ્ટ્રેલિયન ડોલર 66.65, જાપાનીઝ યેન 0.6030 અને સીંગાપોર ડોલર 74.39ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.22 રૂ.
યુરો	109.44 રૂ.
પાઉન્ડ	128.67 રૂ.
યેન	0.6030 રૂ.

ખાંડના ભાવમાં છેલ્લા મહિનામાં 17 ટકાનો વધારો : છૂટક ભાવ રૂ. 55 થયો

લઘુતમ ટેકાના ભાવ વધારવા ખાંડ ઉદ્યોગની માંગ

મુંબઈ, તા. 6 : છેલ્લા એક મહિનામાં ખાંડના ભાવમાં વિક્રમી 17 ટકા જેટલો વધારો થયો છે. સમગ્ર ભારતમાં સરેરાશ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. 3,960 થઈ વધીને રૂ. 4,620 થયા છે. આ વધારો અલ નીનોની અસર અંગે અનિશ્ચિતતા અને ઉત્પાદનના ઘટાડાને કારણે જોવાયો છે.

ભારતના ખાંડ ઉદ્યોગને અપેક્ષા છે કે સરકાર ખાંડના વધતા ભાવોને નિયંત્રિત કરવા માટે વધારાના પગલાં અમલમાં મૂકશે. ગયા અઠવાડિયામાં ભાવમાં 4.3 ટકા અને છેલ્લા એક મહિનામાં લગભગ 17 ટકાનો વધારો થયો છે. છૂટક બજારમાં ખાંડના કિલોના ભાવ રૂ. 55 બોલાઈ રહ્યા છે.

સરકારે 28 જુલાઈથી ખાંડના ડીલરો પર સ્ટોક મર્યાદા લાદયા બાદ ભાવમાં થોડા સમય માટે ઘટાડો થયો હતો, જે વિક્રમજનક સપાટીએ પહોંચેલા ભાવને કાબુમાં રાખવાનો પ્રયાસ હતો. સ્થાનિક ભાવમાં ઘટાડો અને વધારાના સ્ટોક વચ્ચે ભારત 13 મે સુધી ખાંડની નિકાસ કરી રહ્યું હતું. ગયા મહિનામાં આ પરિસ્થિતિ બદલાઈ ગઈ, જેના કારણે સરકારને પગલાં લેવા દબાણ કરવામાં આવ્યું.

ખાંડના મિલરો કહે છે કે, આગામી બે ખાંડ સીઝન પર અલ નીનોની અસર અંગેની અનિશ્ચિતતા અને ઉત્પાદનમાં ઘટાડો પણ ભાવ પર અસર કરી રહ્યો છે. કિંમતમાં વધારાને કારણે ખાંડની માંગ પર કોઈ અસર થઈ નથી, જેના કારણે ભાવ સ્થિર રહેશે, તેમ ખાંડ બ્રોકર જણાવે છે.

દેશમાં છેલ્લા કેટલાક અઠવાડિયામાં ખાંડના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, છૂટક ખાંડના ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ. 49 થઈ રૂ. 55 સુધી પહોંચી ગયા છે, જ્યારે જથ્થાબંધ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. 4,800 સુધી પહોંચી ગયા છે. જોકે, ખાંડ ઉદ્યોગના નિષ્ણાતો અને ઉદ્યોગસાહસિકો માને છે કે આ વધારો કામચલાઉ છે અને ઉદ્યોગની લાંબા ગાળાની નાણાકીય સમસ્યાઓનો ઉકેલ લાવશે નહીં.

દેશમાં વાર્ષિક આશરે 28 મિલિયન ટન ખાંડની માંગ છે, જ્યારે ઉત્પાદન 30 થી 32.5 મિલિયન ટન સુધી છે, જેના કારણે સ્ટોક વધારાનો છે. માંગ કરતાં વધુ પુરવઠો હોવાને કારણે છેલ્લા ઘણા વર્ષોથી ખાંડના ભાવ પ્રમાણમાં સ્થિર રહ્યા છે, પરંતુ છેલ્લા બે મહિનાથી બજારમાં તેજીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

FRP વધ્યો, પરંતુ MSP હજુ પણ 2019 ના સ્તરે છે

વાજબી અને લાભદાયી ભાવ (FRP), ઉત્પાદન ખર્ચ અને અન્ય ખર્ચમાં સતત વધારાને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય અને રાજ્ય સહકારી ખાંડ મિલ્સ ફેડરેશન અને ISMA જેવા ખાનગી ખાંડ મિલ સંગઠનોએ માંગ કરી છે કે કેન્દ્ર સરકાર MSP રૂ. 4,100 થી રૂ. 4,200 પ્રતિ ક્વિન્ટલ કરે. જોકે, આ બાબતે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

ખાંડ ઉદ્યોગના નિષ્ણાતોના મતે, છેલ્લા બે મહિનામાં ભાવમાં થયેલા વધારાથી મિલોને અમુક અંશે ફાયદો થયો છે, પરંતુ સમગ્ર વર્ષ માટે ઉદ્યોગની આવક અને ખર્ચનું મૂલ્યાંકન કરતી વખતે, ઉદ્યોગની મૂળભૂત આર્થિક સમસ્યાઓ યથાવત છે. તેમણે એવી પણ ચિંતા વ્યક્ત કરી કે, આગામી ક્રશિંગ સીઝનની શરૂઆત સાથે, નવી ખાંડના વધેલા પુરવઠાથી બજાર ભાવ ફરી ઘટી શકે છે. FRP, ઉત્પાદન ખર્ચ અને અન્ય ખર્ચમાં સતત વધારાને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય અને રાજ્ય સહકારી ખાંડ મિલ્સ ફેડરેશન અને ISMA જેવા ખાનગી ખાંડ મિલ સંગઠનોએ માંગ કરી છે કે કેન્દ્ર સરકાર MSP રૂ. 4,100 થી રૂ. 4,200 પ્રતિ ક્વિન્ટલ કરે.

મસ્કની સેટેલાઇટ કંપની સ્ટારલિંક હવે મોબાઈલ સેવા શરૂ કરશે

વર્ષ 2027ના અંત સુધીમાં મોબાઇલ સેવા લોન્ચ કરાશે: સ્પેસએક્સનો મોટો ધડાકો

નવી દિલ્હી, તા. 6: સેટેલાઇટ ઇન્ટરનેટ ક્ષેત્રે ક્રાંતિ સર્જનારી સ્પેસએક્સ કંપનીના વડા એલોન મસ્કે હવે ગ્લોબલ ટેલિકોમ માર્કેટમાં ધડાકો કરવાની તૈયારી કરી લીધી છે. કંપની વર્ષ 2027ના અંત સુધીમાં પોતાની સત્તાવાર સબસક્રિપ્શન આધારિત મોબાઇલ સેવા શરૂ કરવાનું આયોજન કરી રહી છે. આ જાહેરાત થતા જ અમેરિકાની અગ્રણી ટેલિકોમ કંપનીઓમાં કડાકો બોલાવાનું શરૂ થઇ ગયું છે. જેમાં ટી-મોબાઇલ, વેરિઝોન અને એટી એન્ડ ટીનો સમાવેશ થાય છે.

સ્પેસએક્સના પ્રેસિડન્ટ ગ્વિન શોટવેલેએ જણાવ્યું હતું કે, કંપની હવે માત્ર સેટેલાઇટ કેપેસિટી સુધી સીમિત ન રહેતા ટેરેસ્ટ્રીયલ સીસ્ટમ પણ તૈયાર કરી રહી છે. આ સીસ્ટમ મારફતે સ્ટારલિંક હવે ડાયરેકટ ટુ ડિવાઇસ સર્વિસમાંથી બહાર આવીને મોબાઇલ કંપનીઓને સીધી ટક્કર આપશે.

કંપનીના જણાવ્યા અનુસાર અમેરિકાનું સેલ્યુલર માર્કેટ 600 અબજ ડોલરનું છે અને સ્ટારલિંક તેમાં મોટો હિસ્સો મેળવવા આશાવાદી છે. કંપની ડાયરેકટ સેટેલાઇટ કનેકટીવિટી મારફતે કવરેજ વગરના ડેડ ઝોન સંપુર્ણપણે નાબૂદ કરશે. જેથી કુદરતી આપત્તિના સમયે પણ મોબાઇલ નેટવર્ક બિનઅસરગ્રસ્ત રહેશે. મોબાઇલ સેવા માટે કંપની પોતાના સ્ટારલિંક બ્રોડબેન્ડ ડિશ પર જ સેલ્યુલર બેઝ સ્ટેશન લગાવીને ટેરેસ્ટ્રીયલ નેટવર્ક ઉભું કશે, જેથી સ્પેકટ્રમ પાછળ કરવો પડતો મોટો ખર્ચ બચી જશે. 2025માં કંપનીએ ઇકોસ્ટાર પાસેથી 19.6 અબજ ડોલરના ખર્ચે 65 એમએચઝેડનો વાયરલેસ સ્પેકટ્રમ લાયસન્સ પણ ખરીદ્યો હતો.

અમેરિકાના ટેલિકોમ ક્ષેત્રમાં હાલ વેરિઝોન 146 મિલિયન યુઝર્સ, ટી-મોબાઇલ 130 મિલિયન યુઝર્સ, અને એટી એન્ડ ટી 110 મિલિયન યુઝર્સ એમ ત્રણ કંપનીઓનો 95 ટકા હિસ્સો છે.

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૨૦૦
એમ-૩૦	૫૨૦૦
એસ-૩૦	૫૧૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૧૦૦
એસ-૩૦	૫૦૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૧૦૦
તેજાબી સોનું	૧૫૨૦૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૪૫૦૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૯૦૬૦
સોનાનાં બિસ્કીટ	૧૫૨૧૦૦૦
ચાંદી (૯૯૯)	૨૨૯૭૦૦
ચાંદી સિક્કા	૨૩૧૨૦૦

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ,,	૧૩૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૩	૫૦/૩૬ ,,	૧૪૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૯.૨૫
૩૦/૩૬ એફડી	૨૬૨.૫	૫૦/૪૮ SD/કેપ	૨૪૬	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૬
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૩૮.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૩
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૬.૫	૧૦૦ ટેક્ષ	૧૩૪.૫	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫.૫	૮૦/૭૨ રોટો	૧૪૦	૭૫ ક્રિમ્પ	૧૩૮.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯.૨૫	૮૦ ક્રિમ્પ	૧૩૬
૮૦/૭૨ રોટો.	૧૩૮.૫	૧૬૦ ડીસ્કેટ	૪૯.૨૫	૮૦/૭૨ રોટો	૧૪૦
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૪	૮૦/૧૦૮ ,,	૧૪૧.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૯

જો અમેરિકા આડોડાઈ નહીં કરે તો હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખુલ્લી થઈ જશે

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો મુખ્ય મુદ્દો ઈરાનનો પરમાણુ કાર્યક્રમ નહીં પણ હોર્મુઝ સ્ટ્રેટ બની ગયો છે. યુદ્ધ શરૂ થયું ત્યારે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લું હતું અને તેના માટે કોઈ ટોલ વસૂલ કરવામાં આવતો નહોતો. અમેરિકાએ ઈરાન પર હુમલો કર્યો તેના બદલારૂપે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું અને ત્યાંથી પસાર થતાં જહાજો પર કર લેવાનું ચાલુ કર્યું એટલે દુનિયાનો ખનિજ તેલનો ૨૦ ટકા વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં જહાજો પાસે ટોલ લેવાનું ચાલુ કર્યું તેના જવાબમાં અમેરિકાએ નાકાબંધી કરી હતી. એક તબક્કે તો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં જહાજો પર તેની કિંમતના ૨૦ ટકા ટોલ લેવાની જાહેરાત કરી હતી, પણ તેનો વિરોધ થતાં તે જાહેરાત ૨૪ કલાકમાં પાછી ખેંચી લેવામાં આવી હતી. હવે અમેરિકાએ પોતાની તમામ તાકાત હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા પર કેન્દ્રિત કરી છે. આ દરમિયાન ઈરાને એક નવો દાવો કર્યો છે કે તેણે હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજો પસાર કરવા માટે ઓમાન સાથે એક નવા દરિયાઈ માર્ગ પર કરાર કર્યો છે. આ સોદો હવે તેના અંતિમ તબક્કામાં છે. જો કે, ઈરાને એ પણ સ્પષ્ટતા કરી છે કે આ કરાર દરિયાઈ સુરક્ષાની ગેરંટી આપતો નથી. ઈરાને એમ પણ કહ્યું છે કે અમેરિકન નૌકાદળની નાકાબંધી આ ક્ષેત્રમાં તણાવનું સૌથી મોટું કારણ છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૪ ઓગસ્ટના રોજ ચેતવણી આપી હતી કે જો હોર્મુઝ સ્ટ્રેટ ટૂંક સમયમાં ફરી ખોલવામાં નહીં આવે તો ઈરાનને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે. અગાઉ અમેરિકાના અધિકારીઓએ સંકેત આપ્યો હતો કે શિપિંગ પુનઃસ્થાપિત કરવા માટેની વાટાઘાટોમાં પ્રગતિ થઈ છે. જો કે, ઈરાને સતત કહ્યું છે કે તે અમેરિકા સાથે કોઈ સીધી વાટાઘાટો કરી રહ્યું નથી. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બકાઇએ જણાવ્યું હતું કે નવા દરિયાઈ માર્ગ અંગે ઓમાન સાથે વાટાઘાટો અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. તેમણે ઉમેર્યું હતું કે બંને દેશો ભૌગોલિક સંકલન પર કરાર પર પહોંચ્યા છે. બકાઇએ જણાવ્યું હતું કે આ કરાર પછી પણ હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત ગણી શકાય નહીં. અમેરિકા હજુ પણ ઈરાની બંદરોની નાકાબંધી ચાલુ રાખે છે. અમેરિકાની આક્રમક લશ્કરી પ્રવૃત્તિઓ દરિયાઈ વેપારને અસર કરી રહી છે.

હોર્મુઝ સ્ટ્રેટ અંગે ઈરાન અને અમેરિકા વચ્ચેનો સૌથી મોટો વિવાદ ટ્રાન્ઝિટ ફીનો છે. અહેવાલો સૂચવે છે કે ઈરાન ઇચ્છે છે કે સ્ટ્રેટમાંથી પસાર થતાં જહાજો તેમના કાર્ગોના ૫ થી ૭ ટકા ફી ચૂકવે. આ દરમિયાન ઓમાન લગભગ ૩ ટકા ફીની તરફેણ કરે છે, જ્યારે અમેરિકા કોઈ પણ ફીનો સંપૂર્ણપણે વિરોધ કરે છે. આ પરિસ્થિતિમાં ઈરાન, ઓમાન અને અમેરિકા ત્રણેયને સંમત હોય તેવી ફોર્મ્યુલા બાબતનું રહસ્ય જેમનું તેમ છે. જો ઈરાન અને ઓમાન વચ્ચેનો પ્રસ્તાવિત કરાર લાગુ કરવામાં આવે તો પર્સિયન ગલ્ફમાં પ્રવેશતાં જહાજો પર ઈરાનનું નિયંત્રણ વધી શકે છે. ઈરાનના નાયબ વિદેશ પ્રધાન કાઝેમ ઘરીબબાદીએ ઈરાનની સમાચાર એજન્સી IRNA ને જણાવ્યું હતું કે ઓમાન સાથે સંમત થયેલો નવો દરિયાઈ માર્ગ કામચલાઉ હશે અને બે થી ચાર મહિના સુધી ચાલી શકે છે. જો કે, તેમણે તેના સંચાલનની તકનીકી વિગતો જાહેર કરી નથી.

ઈરાન અમેરિકા સાથે કોઈ પણ જાતની વાટાઘાટો ચાલી રહી હોવાનો સતત ઇનકાર કરતું આવ્યું છે, પણ અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે જણાવ્યું હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે ટૂંક સમયમાં એક કરાર થઈ શકે છે જે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલશે અને વર્તમાન તણાવ ઓછો કરશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ઈરાન આ માર્ગ પરથી પસાર થતાં જહાજો પર ફી વસૂલ કરી શકશે, ત્યારે તેમણે કહ્યું કે શિપિંગ સંપૂર્ણપણે મફત રહેશે. તેમણે ઉમેર્યું હતું કે જેમ જેમ ગલ્ફમાં ફસાયેલાં જહાજો મુક્ત થશે, તેમ તેમ તેલ સહિત ઘણી આવશ્યક ચીજવસ્તુઓના ભાવ પર દબાણ ઓછું થશે. બેસન્ટે જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ ખુલવાથી માત્ર ક્રુડ ઓઇલ સપ્લાયમાં સુધારો થશે, એટલું જ નહીં, પરંતુ ખાતરો, શુદ્ધ પેટ્રોલિયમ ઉત્પાદનો અને ઔદ્યોગિક ગેસની સપ્લાય પણ સામાન્ય થશે. તેમનું માનવું છે કે એક વાર દરિયાઈ વેપાર ફરી શરૂ થશે તો તેલના વૈશ્વિક ભાવો ધીમે ધીમે ઘટી શકે છે. હાલમાં, ગલ્ફ ક્ષેત્રમાં મોટી સંખ્યામાં જહાજો ફસાયેલાં છે, જેના કારણે સપ્લાય ચેઇન ખોરવાઈ રહી છે.

ટુંકી પોઇન્ટ

■ સંજય વોરા ■

આ બાજુ કતારે પુષ્ટિ આપી છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થીના પ્રયાસો ચાલુ છે. કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા અને વડા પ્રધાનના સલાહકાર માજિદ અલ-અંસારીએ જણાવ્યું હતું કે બંને પક્ષો સંભવિત કરારના ડ્રાફ્ટની આપ-લે કરી રહ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે સીધી વાટાઘાટો માટે કોઈ સમયપત્રક નક્કી કરવામાં આવ્યું નથી, પરંતુ મધ્યસ્થીઓને આશા છે કે ટૂંક સમયમાં વાટાઘાટો ફરી શરૂ થશે. કરાર માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરી શકાતી નથી. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે અમેરિકાનું અંતિમ લક્ષ્ય ઈરાનનું પરમાણુ નિઃશસ્ત્રીકરણ છે. જો કે, હાલમાં સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દો હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાનો છે. હજુ સુધી અંતિમ કરાર થયો નથી, પરંતુ તેમને આશા છે કે ટૂંક સમયમાં સકારાત્મક પરિણામ આવશે. ઈરાને હજુ સુધી અમેરિકાનાં નિવેદનોનો સત્તાવાર જવાબ આપ્યો નથી.

પ્રસ્તાવિત કરારમાં હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે ફરીથી ખોલવાની યોજના છે, પરંતુ આ માટે અમેરિકાએ ઈરાની બંદરો પરના નૌકાદળ પ્રતિબંધો હળવા કરવા પડશે. બીજી તરફ, અમેરિકાએ પહેલેથી જ કહ્યું છે કે તે એવા કોઈ પણ કરારને સ્વીકારશે નહીં જે ઈરાનને સ્ટ્રેટ પર કાયમી નિયંત્રણ આપે અથવા તેમાંથી પસાર થતાં જહાજોને ચાર્જ કરવાનો અધિકાર આપે. દરમિયાન, ઈરાનનું કહેવું છે કે યુદ્ધ પહેલાં અસ્તિત્વમાં રહેલી સંપૂર્ણપણે ખુલ્લી આંતરરાષ્ટ્રીય દરિયાઈ વ્યવસ્થા હવે સ્વીકાર્ય રહેશે નહીં અને તેને આ વ્યૂહાત્મક જળમાર્ગ પર અમુક સ્તરનું નિયંત્રણ જરૂરી છે.

ઈરાને જણાવ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટમાં સામાન્ય ટ્રાફિક પુનઃસ્થાપિત કરવા માટે માત્ર ઓમાન સાથેની વાટાઘાટો પૂરતી રહેશે નહીં. આ વ્યૂહાત્મક જળમાર્ગમાં સામાન્ય કામગીરી ફરી શરૂ થાય તે પહેલાં ઈરાન વિરુદ્ધ અમેરિકન કાર્યવાહી પર રોકનો સમાવેશ થાય છે. ઈરાનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે તેના અધિકારીઓ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાના મુદ્દા પર ઓમાન સાથે વાટાઘાટો કરી રહ્યા છે, જેનાથી હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાની આશાઓને ફટકો પડ્યો છે. જો અમેરિકા નાકાબંધી ઉઠાવી લેવા તૈયાર ન થાય તો આ કરાર નિષ્ફળ પુરવાર થઈ શકે છે. સૂત્રે વધુમાં દાવો કર્યો હતો કે ઇરાનની હોર્મુઝ સ્ટ્રેટ મેનેજમેન્ટ માટેની ભાવિ વ્યવસ્થા અંગેની વાટાઘાટો ફક્ત ઓમાન સાથે છે. ઈરાન અમેરિકા સાથે સીધી વાટાઘાટોમાં નથી. આ વાટાઘાટો પ્રસ્તાવિત મિડલ કોરિડોર પર કેન્દ્રિત છે, જે હોર્મુઝ સ્ટ્રેટ વિશે ઓમાનની ચિંતાઓને દૂર કરશે. દરમિયાન, અલ જઝીરાએ ઇઝરાયલી સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ઇરાન સાથે ઝડપી સોદો કરવા આતુર છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઇઝરાયલને વાટાઘાટો વિશેની મોટા ભાગની માહિતી આડકતરી રીતે વોશિંગ્ટનથી મળી રહી હતી.

પ્રસ્તાવિત વ્યવસ્થા હેઠળ પર્સિયન ગલ્ફમાં પ્રવેશતાં જહાજો ઈરાન દ્વારા નિયંત્રિત માર્ગમાંથી પસાર થશે, જ્યારે બહાર નીકળનારાં જ